सत्यमेव जयते

દાખલ તારીખઃ– – –૧૯૯૨ (દાવા નં. ૧૨૯/૯૨)

દાખલ તારીખઃ– – –૨૦૦૦ (દાવા નં. ૧૬૬/૨૦૦૦)

ફેસલ તારીખ :– ૨૯–૦૯–૨૦૨૨

કુલ સમય ગાળોઃ–

...વર્ષ..... માસ....... દિવસ.

વાપીના મે. એડીશનલ સિનિયર સિવિલ જજ શ્રી બી.જે. પટેલ સાહેબની અદાલતમા,વાપી, જી. વલસાડ.

સ્પે.દિ.મુ.નં.૧/૨૦૧૫ . (જુનો દાવા નં.૧૨૯/૯૨)
સ્પે.દિ.મુ.નં.૧૦/૨૦૧૫(જુનો દાવા નં.૧૬૬/૨૦૦૦)

આંકઃ

THE STATE OF GUJARAT THROUGH EXECUTIVE ENGINEER
DAMANGANGA CANAL DISTRIBUTOR
Address - DAMANGANGA CANAL DISTRIBUTORY DIVISION NO. 2
TITHAL ROAD, VALSAD,
VALSAD Advocate- M.A.PATEL

V/S.

1) M/S. RENOWN CONSTRUCTION COMPANY
Address - 6 - DAJINAGAR COLONY, VIJAYNAGAR ROAD,
NARANPURA,AHMEDABAD
2) RAJNIBHAI MANIBHAI RAO
6 - ASHOKNAGAR, RADHANPUR ROAD,MEHSANA
3) JAIDEVBHAI CHHABILDAS BAROT
6 - ASHOKNAGAR, RADHANPUR ROAD,MEHSANA
4) RAKESHKUMAR GHANSHYAMBHAI BAROT
6 - ASHOKNAGAR, RADHANPUR ROAD,MEHSANA

5) BHUPENDRABHAI MANJIBHAI BAROT
AT - LINCH,MEHSANA
6) HIRABEN GHANSHYAMBHAI BAROT
AT - GANDHINAGAR,GANDHINAGAR Adv. B. C. Sanghvi.

//ઠરાવ //

(૧) આ દાવાની ચર્ચા કરતા પહેલા ઉલ્લેખ કરવો આવશ્યક જણાય છે કે, આ કામ આ અદાલતનુ સૌથી જુનુ કામ હોઈ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા જુના કેસો સબંધેની માહિતી અવારનવાર મંગાવવામા આવતી હોઈ તા.૨૪–૮–૨૨ ના રોજ એડી.પી.પી. શ્રીએ દલીલો કરવા મુદ્દતની માંગણી કરેલ, જેમા અદાલતે વિગતવાર હુકમ કરી સ્પે. દિ.મુ.નં. ૧/૧૫ તથા ૧૦/૧૫ સબંધે જુની મેટર હોઈ નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા ડિસ્ટ્રીકટ કોર્ટ ધ્વારા માહિતી મંગવામા આવતી હોઈ છેલ્લી તારીખ મંજુર કરેલ. તેમજ આગામી તારીખે તમામ પક્ષકારોએ હાજર થઈ દલીલો રજુઆત કરવાની રહેશે, અન્યથા સી.પી.સી. ઓર્ડર ૯ ની જોગવાઈ મુજબ હુકમ કરવામા આવશે તેવો હુકમ કરેલ હોવા છતા ત્યાર બાદની તા.૭–૯–૨૨ ના રોજ માત્ર દમણગંગા કેનાલ તરફે એડી.પી.પી.શ્રી ચાંપાનેરીયા હાજર રહી દલીલો રજુઆત કરેલ છે. પરંતુ મેસર્સ રેનોન કન્સ્ટ્રકશન કંપની **RENOWN CONSTRUCTION COMPANY** તરફે કોઈ રજુઆત કરવામા આવેલ નથી, તેમજ કોઈ પક્ષકાર કે વકીલશ્રી હાજર પણ રહેલ નથી. જેથી તેઓનો દલીલોનો હકક બંધ કરી રેકર્ડ મુજબની દલીલો ગણી આ કામ ઠરાવ પર રાખવામા આવેલ છે.

આ બંને દાવામા પક્ષકારોએ સામસામા દાવા કરેલ હોઈ એક દાવાના વાદી બીજા દાવામા પ્રતિવાદી તરીકે હોઈ આ દાવામાં સમજવામા સરળતા રહે, તેમજ ગુંચવણ ન ઉભી થાય તે હેતુથી ગુજરાત રાજય (સ્ટેટ) તથા કંપની (રેનોન કંપની) **RENOWN CONSTRUCTION COMPANY** તે પ્રકારે ઉલ્લેખ કરેલ છે.

(૨) સ્ટેટ ગુજરાત રાજયના દાવા નં.૧૨૯/૯૨ ની ટુંકમા હકીકત એવી છે કે, સ્ટેટના અધિકારીઓ ધ્વારા અર્થવર્ક અને લાઈનીગ કામકાજ માટે ટેન્ડર બહાર પાડેલ, જેમા કંપની (રેનોન) ની બોલી સૌથી ઓછી હોઈ રૂા.૩૦,૦૮,૧૫૨/– ની રકમ મુજબ ૪.૭% થી મંજુર રાખેલ, જે કંપનીએ તા.૨૫–૨–૮૬ ના પત્રથી સ્વીકાર કરેલ. જે સબંધે તા.૧૩–૩–૮૬ થી કરાર પણ કરવામા આવેલ. જે મુજબ કંપનીએ વર્ક ઓર્ડર મળ્યા બાદ પંદર દિવસમા કામકાજ પુર્ણ કરવાનુ હતુ. અનેતે સબંધે સ્ટેટે રૂા.૨૮,૭૨૭/– ની રકમ કંપનીની તરફેણમા ડીપોઝીટ પણ કરેલ.

કંપની તેઓની કામગીરીમા ખુબ જ ઢીલા હતા, તેમજ કરારમા જણાવ્યા મુજબના

સમય સુધી માત્ર ૪૩.૯% કામગીરી જ કરવામા આવેલ. જેથી કંપનીએ તા.૧૨–૬–૮૭ થી તા.૧૨–૩–૮૮ સુધીમા કામગીરી પુર્ણ કરેલ ન હોઈ ત્યાર બાદ સમય વધારી આપવાની માંગણી કરેલ. બાદ તા.૧–૬–૮૮ ના રોજથી કંપનીએ કામગીરી કરવાનુ બંધ કરી દીધેલ. જે સબંધે ગુજરાત રાજય સ્ટેટે નોટીસ આપવા છતા કંપનીએ કોઈ જવાબ આપેલ નહી. તેમજ કંપનીને તેઓ કામગીરી પુર્ણ નહી કરે તો કરારનો અંત આણવામા આવશે તેની પણ જાણ કરેલ. તેમજ સ્ટેટની નોટીસો તથા પત્રવ્યવહારનો કોઈ પણ જાતનો જવાબ આપ્યા વિના ઓકટો. ૮૭ મા તેમના મજુરો તથા સાધનસામગ્રી શીફટ કરવાનુ ચાલુ કરેલ. ત્યાર બાદ પણ નોટીસ આપવા છતા તેઓએ જવાબ આપેલ ન હોઈ વાદીએ તા.૧૩–૧–૮૯ ના રોજ કરારનો અંત આણેલ. જેથી સ્ટેટને કંપનીની કસુર બદલ રૂા.૯,૫૬,૬૦૦/– ની નુકશાની ગયેલ હોઈ તેમજ પક્ષકારો વચ્ચે થયેલ કરાર મુજબ કેનાલની સફાઈ કરવાની કામગીરી પણ કંપનીએ કરાર મુજબ કરવાની હોવા છતા કરેલ ન હોઈ સ્ટેટને તે સબંધે પણ ખર્ચ થયેલ હોઈ તેમજ તે કરારની કામગીરી કરાવવા માટે સ્ટેટને અન્ય રીતે મજુરો માણસો રાખી સામાન લાવી કામગીરી કરવી પડેલ હોઈ સ્ટેટને અલગ અલગ પ્રકારે ખુબ જ ખર્ચ થયેલ હોઈ સ્ટેટે રૂા.૧૪,૩૯,૧૯૧/– ચૌદ લાખ ઓગણચાલીસ હજાર એકસો એકાણુ પુરા મળવા હાલનો દાવો કરેલ છે.

કંપની તરફે આંક–૧૪૭ થી જવાબ રજુ કરી કંપનીએ કાઉન્ટર કલેઈમ કરતો દાવો નં.૧૬૬/૨૦૦૦ દાખલ કરેલ હોવાનુ જણાવેલ છે.

કંપની તરફે વિવાદવાળુ બીલ તેઓને મળેલ ન હોવાની તેમજ લીમીટેશનની તકરાર મીક્ષ પ્રકારનો મુદ્દો હોવાની રજુઆત કરેલ છે.

(૩) આ પક્ષકારો વચ્ચે દાખલ થયેલ બે દાવા (નં.૧૨૯/૧૯૯૨ તથા ૧૬૬/૨૦૦૦) બંને ભેગા કરવા સબંધે નીચેની અદાલતમા આંક–૧૪૪ થી અરજી આપેલ, જે નામંજુર થયેલ. દરમ્યાન પક્ષકારો ધ્વારા તે હુકમ નામદાર ગુજરાતમા ચેલેન્જ કરતા સ્પે. સિવિલ અરજી નં.૨૪૪૬/૨૦૦૫ ના હુકમથી આ બંને દાવા કોન્સોલીડેટ કરી ચલાવવાનો હુકમ કરવામા આવેલ છે.

રેકર્ડ તપાસતા પ્રતિવાદી નં. ૬ ધ્વારા આંક–૮૦ થી આર્બીટ્રેશન એકટ ક. ૩૪ મુજબ દાવો સ્ટે કરવા અરજી આપેલ, જે અરજી આ અદાલતથી તા.૨–૮–૯૫ ના રોજ નામંજુર કરવામા આવેલ છે. ત્યાર બાદ તે હુકમ ચેલેન્જ થયેલ હોય તેવુ રેકર્ડ પરથી જણાતુ નથી.

(૪) કંપની તરફે આંક–૧૦૪ થી જવાબ રજુ કરી સ્ટેટના દાવાની હકીકતોનો ઈન્કાર કરી જણાવેલ છે કે, સ્ટેટના અધિકારીઓ ધ્વારા અર્થવર્ક અને લાઈનીગ કામકાજ માટે ટેન્ડર

બહાર પાડેલ, જેમા કંપનીની બોલી સૌથી ઓછી હોઈ સ્ટેટે મંજુર રાખેલ, જે સબંધે તા.૧૩–૩–૮૬ થી કરાર પણ કરવામા આવેલ. જે મુજબ તા.૧૨–૬–૮૭ સુધીમા કામ પુર્ણ કરવાનુ હતુ. અને કરારમા નકકી થયેલ તે મુજબ કંપનીને કામગીરી પુર્ણ કરવા સ્ટેટે કંપનીને ખાલી જગ્યાનો કબજો સોપવાનો હતો, જે કબજો સ્ટેટે ટુકડે ટુકડે સોપેલ, જેથી કામગીરી વિલંબ થયેલ. તેમજ સ્ટેટે જરૂરી સામાન પણ કંપનીને પહોંચાડવામા વિલંબ કરેલ.જે સબંધે કંપનીને અલગ અલગ ખર્ચ થયેલ તે પણ વાદીએ ચુકવેલ નહી. જે દરમ્યાન ભાવોમા ભારે વધારો થયેલ. જે સબંધે કંપનીએ સમય લંબાવી આપવા જણાવવા છતા સ્ટેટે માત્ર તા.૧૨–૩–૮૮ સુધીનો જ સમય લંબાવી આપેલ.તેમજ ત્યાર બાદ સમય લંબાવી આપેલ નહી, તેમજ કોઈ પણ જાતની જાણ પણ કંપનીને સ્ટેટે કરેલ નહી. જેથી કંપનીનો દાવો મંજુર કરી રૂા.૧૮,૬૦,૮૯૪–૮૭ મળવા માંગણી કરેલ છે.

(૫) દાવા નં.૧૨૯/૯૨ ના નિર્ણય માટે આંક–૧૦૧ થી નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત કરવામા આવેલ છે.

1. **Whether the plaintiff proves that the defendant committed breach of contract agreement ?**
1A. **Whether the plaintiff proves that the contract agreement has been legally terminated?**
2. **Whether the plaintiff proves that he is entitled to recover Rs. 14,39,191/ from the defendant as alleged in the plaint ?**
2A. **Whether the defendant proves that this court has no jurisdiction to entertain this suit ?**
3. **Whether the plaintiff is entitled to get interest ? If yes at what rate ?**
4. **What is due to plaintiff ?**
5. **What order and decree ?**

(૬) ઉપરોક્ત મુદ્દાઓના મારા ન્યાયીક નિર્ણયો નીચે પ્રમાણે છે.

૧. નકારમાં.

૨. નકારમાં.

૨(એ). નકારમાં.

૩. નકારમાં.

૪. નકારમાં.

૫. આખરી હુકમ મુજબ.

(૭) જયારે બીજી કાર્યવાહી સબંધે રેકર્ડ તપાસવામા આવે તો કંપની RENOWN CONSTRUCTION COMPANY ધ્વારા ગુજરાત પબ્લીક વર્કસ કોન્ટ્રાકટસ ડીસ્પ્યુટ આર્બીટ્રેશન ટ્રીબ્યુનલ આર્બીટ્રેશન રેફરન્સ નં.૬૧/૯૫ મા તા.૧૫–૯–૯૫ મા કાર્યવાહી દાખલ કરેલ, જે ટ્રીબ્યુનલના તા.૨૧–૩–૯૬ ના હુકમથી તા.૧૯–૭–૯૬ ના રોજ પરત આપવામા આવેલ. જે સબંધે પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ, વલસાડનાઓએ તા.૧૪–૧૦–૦૯ ના રોજ આ સ્પે.દિ.મુ.નં. ૧૨૯/૯૨ ની આંક–૨૫૦ ની અરજી તથા સ્પે. દિ.મુ.નં. ૧૬૬/૨૦૦૦ ની આંક–૧૩૫ ની અરજી નામંજુર કરેલ છે. તેમજ બંને મેટર આ જ અદાલત ધ્વારા ચાલવાપાત્ર હોવાનુ ઠરાવેલ છે.

જે (દાવા નં.૧૬૬/૨૦૦૦ના) દાવા RENOWN CONSTRUCTION COMPANY ના દાવાની ટુંકમા હકીકત એવી છે કે, સ્ટેટના અધિકારીઓ ધ્વારા અર્થવર્ક અને લાઈનીગ કામકાજ માટે ટેન્ડર બહાર પાડેલ, જેમા કંપનીની બોલી સૌથી ઓછી હોઈ સ્ટેટે મંજુર રાખેલ, જે કંપનીએ તા.૨૫–૨–૮૬ ના પત્રથી સ્વીકાર કરેલ. જે સબંધે તા.૧૩–૩–૮૬ થી કરાર પણ કરવામા આવેલ. જે મુજબ કંપનીએ તા.૧૨–૬–૮૭ સુધીમા પુર્ણ કરવાનુ હતુ. અને તે સબંધે કંપનીએ રૂા.૨૮,૭૨૭/– ની રકમ ડીપોઝીટ પણ કરેલ. તેમજ કરારમા નકકી થયેલ તે મુજબ કંપનીને કામગીરી પુર્ણ કરવા સ્ટેટે ખાલી જગ્યાનો કબજો સોપવાનો હતો, જે કબજો સ્ટેટે કંપનીને ટુકડે ટુકડે સોપેલ, જેથી કામગીરી વિલંબ થયેલ. તેમજ સ્ટેટે જરૂરી સામાન પણ કંપનીને પહોંચાડવામા વિલંબ કરેલ.જે સબંધે કંપનીને અલગ અલગ ખર્ચ થયેલ તે પણ સ્ટેટે ચુકવેલ નહી. જે દરમ્યાન ભાવોમા ભારે વધારો થયેલ. જેથી સ્ટેટે કંપનીને મોટી રકમ ચુકવેલ નથી. જે સબંધે કંપનીએ સમય લંબાવી આપવા જણાવવા છતા સ્ટેટે માત્ર તા.૧૨–૩–૮૮ સુધીનો જ સમય લંબાવી આપેલ.તેમજ ત્યાર બાદ સમય લંબાવી આપેલ નહી, તેમજ કોઈ પણ જાતની જાણ પણ કંપનીને સ્ટેટે કરેલ નહી. જેથી કંપનીનો દાવો મંજુર કરી વાદીને અલગ અલગ કામગીરી ખર્ચ પેટે રૂા.૯,૮૦,૩૧૩/– તથા વ્યાજ ૨૪% મુજબનુ થઈ રૂા.૧૮,૬૦,૮૯૪–૮૭ મળવા માંગણી કરેલ છે.

(૮) સ્ટેટ ઓફ ગુજરાત તરફે આંક–૨૨ થી જવાબ રજુ કરી લીમીટેશન તથા હકુમતના મુદ્દાની તકરારો લીધેલ છે. વધુમા સ્ટેટ તરફથી કોઈ કરાર ભંગ કરેલ ન હોવાનુ તેમજ

સ્ટેટે કંપનીને કરારનુ પાલન કરાવવા માટે જાણ કરવા છતા કંપનીએ કોઈ જ તૈયારી બતાવેલ ન હોવાનુ તેમજ સ્ટેટ સાથે કંપનીને કરાર થયેલ હોવા છતા કંપનીએ કામગીરી કરવાનુ બંધ કરી દીધેલાનુ જણાવેલ છે. વધુમાં સ્ટેટ ધ્વારા નોટીસ આપવા છતા કંપનીએ કોઈ જવાબ આપેલ ન હોવાનુ તેમજ કંપનીને તેઓ કામગીરી પુર્ણ નહી કરે તો કરારનો અંત આણવામા આવશે તેની પણ જાણ કરેલ હોવા છતા નોટીસો તથા પત્રવ્યવહારનો કોઈ પણ જાતનો જવાબ આપ્યા વિના ઓકટો. ૮૭ મા તેમના મજુરો તથા સાધનસામગ્રી શીફટ કરવાનુ ચાલુ કરી દીધાનુ તેમજ કંપનીની કસુર બદલ સ્ટેટને નુકશાની ગયેલ હોવાનુ તેમજ પક્ષકારો વચ્ચે થયેલ કરાર મુજબ કરવાની કામગીરી પણ કંપની એ કરાર મુજબ કરવાની હોવા છતા કરેલ ન હોઈ સ્ટેટને તે સબંધે પણ ખર્ચ થયેલ હોઈ સ્ટેટને આ તમામ કામગીરી કરવી પડેલ હોઈ કંપનીનો દાવો ખર્ચસહીત રદ કરવા રજુઆત કરેલ છે.

(૯) દાવા (૧૬૬/૨૦૦૦) ના નિર્ણય માટે આંક–૩૬ થી નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત કરવામા આવેલ છે.

1. **Whether the plaintiff proves that the plaintiff is entitled to recover rs.18,60,894-87 from defendant ?**
2. **Whether the plaintiff proves that he is entitled to get interest ? If yes since when and at what rate ?**
3. **What order and decree ?**

(૧૦) ઉપરોક્ત મુદ્દાઓના મારા ન્યાયીક નિર્ણયો નીચે પ્રમાણે છે.

૧. નકારમાં.

૨. નકારમાં.

૩. આખરી હુકમ મુજબ.

(૧૧) (ગુજરાત રાજય) તરફે (દાવા નં.૧૨૯/૯૨) ના કામે નીચે મુજબ મૌખિક/ દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

(૧) વાદી ભગવાનદાસ ગોપાળજીની	આંક–૧૨૬
(૨) જુબાની દરમ્યાન રજુ થયેલ દસ્તાવેજો	આંક–૧૨૭ થી ૧૪૧
(૩) દસ્તાવેજી પુરાવા લીસ્ટ	આંક–૪૨

વાદી ગુજરાત રાજય તરફે આંક–૨૫૫ થી દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ કરી આંક–૨૫૮ થી ૨૮૪ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

કંપનીના દાવા નં. ૧૬૬/૨૦૦૦ ના કામના વાદી રેનોન કંપની તરફે આંક–૪૪ થી વધારાનુ સોગંદનામુ રજુ થયેલ છે. આંક–૪૫ થી રજનીકાંત મણીલાલની જુબાની થયેલ છે. આંક–૨૨૪ થી રજનીકાંત મણીલાલનુ સોગંદ પરનો પુરાવો રજુ થયેલ છે. કંપની તરફે ટેન્ડરની કાર્યવાહી સબંધેના કાગળો રજુ કરેલ છે. આંક–૮૨ થી દસ્તાવેજી પુરાવા લીસ્ટ, આંક–૮૩, ૮૪ તથા ૯૪ થી સ્પે. સીવીલ એપ્લીકેશન નં. ૮૪૯૮–૯૧ ના કાગળો રજુ કરેલ છે. સ્ટેટ ઓફ ગુજરાત તરફે આંક–૩ થી દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ થયેલ છે.

(૧૨) ઉપર ચર્ચા કરેલ છે તે મુજબ તા.૨૪–૮–૨૨ ના રોજ ગુજરાત રાજય તરફે એડી.પી.પી. શ્રી ચાંપાનેરીયાએ હાજર થઈ દલીલો કરવા મુદ્દતની માંગણી કરેલ, જેમા અદાલતે વિગતવાર હુકમ કરી સ્પે. દિ.મુ.નં. ૧/૧૫ તથા ૧૦/૧૫ સબંધે જુની મેટર હોઈ નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા ડિસ્ટ્રીકટ કોર્ટ ઘ્વારા માહિતી માંગવામા આવતી હોઈ છેલ્લી તારીખ મંજુર કરેલ. તેમજ આગામી તારીખે તમામ પક્ષકારોએ હાજર થઈ દલીલો રજુઆત કરવાની રહેશે, અન્યથા સી.પી.સી. ઓર્ડર ૯ ની જોગવાઈ મુજબ હુકમ કરવામા આવશે તેવો હુકમ કરેલ. તે દિવસે પણ રેનોન કંપની તરફે કોઈ જ હાજર થયેલ ન હતુ. તેમજ ત્યાર બાદની તા.૭–૯–૨૨ ના રોજ પણ માત્ર દમણગંગા કેનાલ (ગુજરાત રાજય) તરફે એડી.પી.પી.શ્રી ચાંપાનેરીયા હાજર રહી દલીલો રજુઆત કરેલ છે. પરંતુ મેસર્સ રેનોન કન્સ્ટ્રકશન કંપની તરફે કોઈ રજુઆત કરવામા આવેલ નથી, તેમજ કોઈ પક્ષકાર કે વકીલશ્રી હાજર પણ રહેલ નથી. જેથી તેઓનો દલીલોનો હકક બંધ કરેલ છે. તેમ છતા રેકર્ડ મુજબની દલીલો ગણી આ કામ ઠરાવ પર રાખવામા આવેલ છે.

(૧૩) આ કામે કંપની તરફે આંક–૩૦૪ થી લેખિત દલીલો રજુ થયેલ છે તેમા એડમીટ હકીકતોનો ઉલ્લેખ છે તે મુજબ જોવામા આવે તો તા.૧૩–૩–૮૬ ના રોજ કરાર કરવામા આવેલ, જે મુજબ પંદર માસમા તા.૧૨–૬–૮૭ સુધીમાં કામગીરી પુર્ણ કરવાની હતી. કંપની તરફથી સમયમર્યાદામા કામગીરી પુર્ણ થયેલ ન હોઈ તા.૨૭–૫–૮૭ ના રોજ પ્રથમ વખત સમય લંબાવવા પત્ર લખવામા આવેલ. તેમજ બીજી વખત તા.૧૨–૨–૮૮ ના રોજ પત્ર લખવામા આવેલ. તા.૧૩–૧–૮૯ ના રોજ કરાર ટર્મીનેટ કરવામા આવેલ.

આ કામે કંપની તરફથી તા.૨૭–૫–૮૭ ના રોજ પત્ર લખી છ માસની સમયમર્યાદા વધારી આપવા માટે વિનંતી કરેલ. જે સબંધે રજુ થયેલ બલ્કી દસ્તાવેજો પૈકી સ્ટેટનો તા.૧૬–૯–૮૭ નો પત્ર ઘ્યાને લેવામા આવે તો તેમા સ્ટેટ ઘ્વારા અધિક્ષક ઈજનેર, વલસાડને પત્ર લખેલ છે તેમા સ્પષ્ટ ઉલ્લેખ કરેલ છે કે, કંપનીએ તા.૧૨–૬–૮૭ સુધીમા કામગીરી પુરી

કરવાની હતી. પરંતુ વખતોવખત લેખિત સુચનાઓ આપવા છતા ઈજારદાર નિર્ધારીત સમયમર્યાદામા કામ કરી શકેલ નથી. ઈજારદારે નીચે જણાવેલ કારણસર સમયમર્યાદા વર્કીગ સીઝનમા છ માસ કામ માટે વધારો કરી આપવા વિનંતી કરેલ છે.

(૧) ચોમાસુ નજીક વર્કઓર્ડર મળ્યો હોવાથી ૮૬ ના વર્ષમા કામ પુરતુ થઈ શકયુ નહી.

(૨) પઝેશનનો પ્રોબલમ હોઈ. કામમા રૂકાવટ આવી કામ સ્પીડ પકડી શકતુ ન હતુ.

(૩) સીમેન્ટને કારણે કામમાં રૂકાવટ આવી હતી.

(૪) હોળી પછી મજુરોની તંગી હતી.

બાદ વધુમા આ પત્રમા ઉલ્લેખ કરેલ છે કે, પંદર માસની કામની સમયમર્યાદા છે. ઈજારદારે કરારનામાની રકમ રૂા.૩૦,૦૮,૧૫૨/– ની સામે રૂા.૧૩,૨૦૫૮૦/– કામની પ્રગતિ કરેલ છે. જે કામની કુલ કિંમતના ૪૩% થાય છે. . . . . .

આમ કાર્યપાલક ઈજનેરશ્રી ધ્વારા ઉપરોકત ચાર મુદૃા પૈકી મુદૃા નં.૨ તથા ૩ સબંધેની કંપનીની રજુઆત યોગ્ય હોવાનુ જણાવી છ માસનો સમય વધારી આપવા ભલામણ કરેલ છે. જે સબંધે સ્ટેટમેન્ટ 'એ' જોતા પણ તેની વિગતો જણાવેલ છે. ત્યાર બાદ વખતોવખતના પત્ર વ્યવહાર ધ્યાને લેતા તેમા કાર્યપાલક ઈજનેરશ્રીએ, અધિક્ષક ઈજનેરશ્રી, દમણગંગા પરીયોજના વલસાડનાઓએ કંપની તરફથી કાર્યવાહી સમયમર્યાદામા પુર્ણ નહી થવા સબંધેની રજુઆતો પૈકી અમુક રજુઆતો યોગ્ય હોવાનુ જણાવી તે કારણસર વિલંબ થયાનુ જણાવેલ છે.

ત્યાર બાદ કાર્યપાલક ઈજનેરશ્રીએ તા.૩–૫–૮૮ થી કંપની તરફથી બીલકુલ કામગીરી બંધ કરી દીધેલ હોઈ તે ચાલુ કરવા માટે જાણ કરેલાનો પત્ર છે. તે જ રીતે તા.૧૨–૧૦–૮૮ ના પત્રથી પણ કામ ચાલુ કરાવવા જાણ કરેલ છે. જેમા એમ પણ ઉલ્લેખ કરેલ છે કે, જો કામ તાત્કાલિક ચાલુ નહી કરશો તો કામ પુર્ણ કરવામા વિલંબ થશે તે માટે આપની જવાબદારી રહેશે." સહી (બી.જે. કેવત) નાયબ કાર્યપાલક ઈજનેર.

ત્યાર બાદ તા.૨૧–૧૧–૮૮ ના રોજ ઓફિસમા ઉપસ્થિત રહેવા સબંધે કંપનીને જાણ કરવામા આવેલાનો પત્ર છે. જે એક્ષપ્રેસ ટેલીગ્રામથી મોકલેલ છે. જેમા પણ જો કંપની તરફથી કામગીરી ચાલુ કરવામા નહી આવે તો કલોઝ નં. ૪૫ તથા ૪૬ મુજબ પગલા લેવામા આવશે, તેવી પણ જાણ કરેલ છે. તે જ હકીકત સબંધે તા.૧૬–૧૧–૮૮ તથા તા.૧૯–૧૧–૮૮ નો પત્ર પણ લખવામા આવેલ છે.

જેની સામે કંપનીએ સ્ટેટને લખેલ પત્ર તા.૧૨–૨–૮૮ કે જેમા કંપનીને કામગીરી પુર્ણ કરવામા પડતી અગવડતાનો ઉલ્લેખ કરેલ છે. ત્યાર બાદ સ્ટેટ તરફથી કંપનીના અધિકારીને તા.૨૨–૧૨–૮૮ ના રોજ હાજર રહેવાનો પત્ર પણ લખેલ છે. જેમા પણ કંપની

તરફથી સમયમર્યાદામા કામગીરી પુર્ણ થયેલ ન હોવાનો ઉલ્લેખ છે. છેલ્લે તા.૧૩–૧–૯૮ ના રોજ સ્ટેટ ધ્વારા કંપનીનો કોન્ટ્રાકટ ટર્મીનેટ કરવામા આવેલાનો પત્ર છે. જે આંક–૧૩૯ થી છે.

(૧૪) સ્ટેટ તરફે ભગદાનદાસ ગોપાળજીને આંક–૧૨૬ થી તપાસતા તેઓએ સ્ટેટને સમર્થન કરતી જુબાની આપી જણાવેલ છે કે, કામગીરી પુર્ણ કરવા કંપનીને વારંવાર પત્રો લખેલ છતાં કંપનીએ કામ પુર્ણ કરેલ ન હોઈ કોન્ટ્રાકટ ટર્મીનેટ કરેલ છે. તેમજ જે કામગીરી બાકી રહી ગયેલ તે અન્ય કોન્ટ્રાકટર ધ્વારા પુર્ણ કરાવેલ, જેની રકમ સ્ટેટને ભોગવવી પડેલ છે. કંપની તરફે કોઈ હાજર ન હોઈ ઉલટતપાસનો હકક બંધ કરેલ. બાદ ઉલટતપાસનો હકક ખોલાવતા ઉલટતપાસમા જણાવેલ છે કે, ટેન્ડરમા સમયમર્યાદા વધારવાનો કલોઝ ૫૦ છે. કંપની ધ્વારા સમયમર્યાદા વધારવા માટે મુખ્ય કારણો વર્ક ઓર્ડર મોડેથી આપવામા આવેલ તેમજ જમીન સંપાદનની સમસ્યા તથા સીમેન્ટની અછત તથા લેબરની અછત વિગેરે હતા.

આ અધિકારીએ ઉલટતપાસમા સ્વીકારેલ છે કે, કંપની તેની સમયમર્યાદાની અરજીમા જે કારણ દર્શાવેલ તે સાચા અને યોગ્ય હતા. તે કારણોને આધારે આંક–૧૩૧ ના રીપોર્ટમા મે સમયમર્યાદા વધારી આપવા ભલામણ કરેલ. એ વાત ખરી છે કે કંપનીએ દર્શાવેલ કારણો રીજેકટ કરેલ નથી. એ વાત ખરી છે કે ટેન્ડર બહાર પાડતા પહેલા જમીન સંપાદન થયેલ હોવુ જોઈએ, જે ૫૧ ટકા જેટલુ થયેલ હોવુ જોઈએ. ડીપાર્ટમેન્ટ તરફથી જમીન સંપાદન પુર્ણ કરી દીધેલ હોય તે સબંધે કોઈ આધાર રજુ કરેલ નથી. મને ટેન્ડર એ બતાવતા જે જોઈને જણાવુ છુ કે તેમા દર્શાવેલ મટીરીયલ ડીપાર્ટમેન્ટે સપ્લાય કરવાનુ હોય છે. એ વાત ખરી છે. કે કોઈ વાર ડીપાર્ટમેન્ટને પણ મટીરીયલ તથા સીમેન્ટની અછત થતી હોય છે. સીમેન્ટની અછત સબંધે કંપનીએ સ્ટેટને પત્ર લખેલા. એ વાત ખરી છે કે અમારી પાસે જથ્થો ન હોવાથી કોન્ટ્રાકટરના કંપનીના માણસોને માંગ્યા મુજબનો જથ્થો સીમેન્ટનો આપી શકેલ નહી. કોન્ટ્રાકટરનો શરૂઆતનો પ્રોગ્રેસ સારો હતો. માર્ચ ૮૭ પછી કામ ધીરુ થઈ ગયેલ. તા.૧૪–૪–૮૬ ના પત્રથી કંપની ધ્વારા અલગ અલગ મટીરીયલની માંગણી કરવામા આવેલ. તા.૨૮–૪–૮૬ ના પત્રથી પણ કંપનીએ માલસામાનની માંગણી કરેલ. તા.૧૮–૧૦–૮૬ તથા તા.૧૫–૧૨–૮૬ ના પત્રથી કંપનીએ સ્ટેટને જમીનનો કબજો મળેલ નથી તે હકીકતનો પત્ર લખેલ. તા.૧–૧૨–૮૬ ના પત્રથી કંપનીએ સ્ટેટને પત્ર લખેલ જેમા ઉલ્લેખ કરેલ છે કે આગળના કોન્ટ્રાકટરે કામ કરેલ તેમા માટીનો ઢગલો ૧ થી ૪ મીટરની ઉંચાઈ સુધીનો કરેલ હતો. આગળના કોન્ટ્રાકટરે કરેલ ઢગલો સાફ કરવાની આ કંપનીની જવાબદારી ન હતી. કંપની તરફથી માલસામાન સપ્લાય થયેલ ન હોવાના ઘણા પત્રો લખવામા આવેલ. આ માલસામાન સમયમર્યાદામા સપ્લાય થયેલ કે કેમ તે હાલ હુ કહી શકુ નહી.

ત્યાર બાદ આ સાહેદને કંપની તરફથી લખવામા આવેલ પત્રો બતાવી સવાલો પુછતા તેઓએ કંપની ધ્વારા માલસામાનની માંગણી સબંધે તથા અછત સબંધે તથા જમીનના કબજા સબંધે પત્ર લખી રજુઆત કરેલાનુ સ્વીકારેલ છે. બાદ કંપની તરફથી પાર્ટ રેટ પેમેન્ટ સબંધે પણ પત્ર લખેલ હોવાનુ તેમજ તેવુ પાર્ટ રેટ પેમેન્ટ સ્ટેટ તરફથી કરવામા આવેલ ન હોવાનુ પણ સાહેદે સ્વીકારેલ છે. તા.૨૭–૫–૮૭ ના પત્રથી કંપનીએ કામ શા માટે વિલંબ થયેલ છે તેના કારણો લખતો પત્ર લખેલ છે. તા.૧૦–૭–૮૭ ના પત્રથી કંપનીએ ખેડુતો કામગીરીમા અડચણ કરતા હોવાનો પત્ર લખેલ. તા.૨૦–૧૦–૮૭ ના પત્રથી કંપનીએ કરેલ કામગીરીનુ ચુકવણુ થયેલ ન હોવાનો પત્ર લખી ફરીયાદ કરેલ છે. આ તમામ પત્રો સબંધે ખાતાએ શુ પગલા લીધેલ તે મને ખબર નથી. તા.૨૯–૨–૮૮ ના પત્રથી કંપનીએ લખેલ છે કે જમીન સંપાદન થયેલ ન હોઈ ખાનગી માણસો કામ કરવા દેતા નથી. સરકારી જે તે સમયે જમીન સંપાદનની કામગીરી પુર્ણ કરેલ હોય તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી. ડિસે. ૮૮ સુધી જમીન સંપાદનની કામગીરી થયેલ ન હતી. આંક–૧૩૧ ના સ્ટેટમેન્ટ મુજબની જગ્યાએ જમીન સંપાદનની કામગીરી પુર્ણ થયેલ ન હતી. એ વાત ખરી છે કે સરકારે સંપુર્ણ જમીન સંપાદન કરેલ નથી તે રેકર્ડના કાગળોથી ફલિત થાય છે. એ વાત ખરી છે કે નોટીસ સાથેના બીજા સ્ટેટમેન્ટ મુજબ રૂા.૬૦,૬૯૪–૯૦ પૈસા પાર્ટ રેટ પેમેન્ટ કંપનીને ચુકવવાના બાકી છે.

વધુમા સ્વીકારેલ છે કે કંપનીએ કોન્ટ્રાકટ રદ થતા દરમ્યાન રૂા.૨૧,૨૮,૭૦૬/– નુ કામ કરેલ. એ વાત ખરી છે કે એકસ્ટ્રા કામગીરી જે થતી હતી તે કરેલ છે. ખાતા તરફથી જે આઈટમ પેટે પાર્ટ રેટ ચુકવવામા આવતુ તે કામ પણ કરેલ છે. પરંતુ તે મુજબના સુધારા કરેલ નથી.

આ કામે કોન્ટ્રાકટની શરતો જોવામા આવે તો તેમા કલોઝ નં.૫૦ મા સરકાર તરફથી મટીરીયલ માલસામાન સપ્લાય કરવાના કારણે વિલંબ થાય તો કંપની સમય લંબાવી આપવા વિનંતી કરી શકે છે તેવો સ્પષ્ટ ઉલ્લેખ છે. જે મુજબ રેકર્ડ પર કંપની ધ્વારા સ્ટેટ તરફથી માલસામાન મળી શકેલ ન હોવાની, જમીન સંપાદન થયેલ ન હોવાની વિગેરે પ્રકારની અલગ અલગ રજુઆતો સમયાંતરે કરવામા આવેલ છે. તેમજ સમય લંબાવી આપવા વિનંતી કરતા પત્ર પણ લખવામા આવેલ છે.

તે જ રીતે કલોઝ ૪૫ મુજબ કોન્ટ્રાકટર ધ્વારા ડીફોલ્ટ થયેથી કંપનીને સ્ટેટ ધ્વારા નોટીસ આપવાની તેમજ ત્યાર બાદ કોઈ યોગ્ય સંતોષકારક ખુલાસો રજુ નહી થયેથી કોન્ટ્રાકટ ટર્મીનેટ કરવાની જોગવાઈ છે. તે જ રીતે ક. ૪૬ મા નુકશાન માંગવા સબંધેની જોગવાઈ છે.

(૧૫) આ કામે સ્ટેટ ધ્વારા કંપની સામે રૂા.૧૪,૩૯,૧૯૧/– ચૌદ લાખ

ઓગણચાલીસ હજાર એકસો એકાણુ પુરા મળવા હાલનો કરેલ છે. જેની સામે કંપનીએ સ્ટેટની સામે રૂા.૧૮,૬૦,૧૯૪/– મળવા સબંધે દાવો કરેલ છે. જેથી બંને તરફથી દાદાની દાદ જોવામા આવે તો મનીશ્યુટ દાવા છે. જે સબંધે તકરાર નથી. સ્ટેટનો દાવો તા.૨૭–૭–૧૯૯૨ ના રોજ દાખલ થયેલ છે. જયારે કંપની ધ્વારા જે દાવો દાખલ કરેલ છે તે તા.૧–૮–૨૦૦૦ ના રોજ દાખલ કરવામા આવેલ છે. જેની દાવાને લીમીટેશનનો બાધ નડે છે કે કેમ ? તે મુદ્દો મહત્વનો ચકાસવાનો રહે છે. આ કામે કહેવાતા કરાર ટર્મીનેશનની તા.૧૩–૧–૧૯૮૯ હોવા સબંધે કોઈ જ તકરાર નથી. જેમા ઉપર ચર્ચા કરેલ છે તે મુજબ સ્ટેટના કથન મુજબ કંપનીએ સમયમર્યાદામા કામગીરી કરેલ ન હોઈ તેઓએ કરાર ટર્મીનેટ કરેલ છે. જયારે કંપનીના કથન મુજબ માલસામાન મોકલવામા તથા જમીન સંપાદન થવામા વિલંબ થયેલ હોઈ તે સબંધે અવારનવાર રજુઆતો કરેલ હોવા છતા સ્ટેટ તરફથી કોઈ પ્રતિસાદ મળેલ ન હોઈ તે કારણે તેઓને નુકશાન થયેલ હોઈ સ્ટેટ દાવાવાળી રકમ વસુલ આપવા જવાબદાર થયેલ છે.

(૧૬) જેથી હાલના દાવામા પક્ષકારો વચ્ચે જે કરારથી સબંધો સ્થાપિત થયેલ, તે કરારનો અંત તા.૧૩–૧–૧૯૮૯ ના રોજ આણવામા આવેલ હોવા સબંધે રેકર્ડ સ્પષ્ટ છે. જેથી તા.૧૩–૧–૧૯૮૯ થી લેણી રકમ વસુલ કરવા સબંધેની સમયમર્યાદાનુ વહન ચાલુ થાય તે સ્પષ્ટ છે. તે મુજબ જોવામા આવે તો સ્ટેટ તરફથી દાવો તા.૨૭–૭–૧૯૯૨ ના રોજ દાખલ થયેલ છે, એટલે કે ત્રણ વર્ષના સમયમર્યાદા બાદ દાખલ કરવામા આવેલ છે. જે આશરે છ માસ વિલંબથી દાખલ થયેલ છે. તે જ રીતે કંપની તરફથી પણ જે કરારના ભંગ સબંધે કંપનીના કથન મુજબ સ્ટેટ જવાબદાર થાય છે, તે દાવો તા.૧–૮–૨૦૦૦ ના રોજ એટલે કે કરાર ટર્મીનેટ થયા બાદ આશરે ૧૧ વર્ષ બાદ દાખલ થયેલ છે. બીજી રીતે જોવામા આવે તો કંપનીએ અલગથી દાવો દાખલ કરેલ છે. પરંતુ સ્ટેટના દાવામા કોઈ કાઉન્ટર કલેઈમ કરેલ નથી. જે હકીકતે જોતા બંને દાવાને લીમીટેશનનો બાધ નડતો હોવાનુ સ્પષ્ટ થાય છે.

(૧૭) આ દાવાના કામે કોઈ પણ પક્ષકારના વિ.વ.શ્રીએ તેઓના દાવાને લીમીટેશનનો બાધ નડતો ન હોવા સબંધે કોઈ જ ખુલાસો અદાલત સમક્ષ કરેલ નથી. તે સંજોગોમા અદાલત સમક્ષ જયારે લીમીટેશનનો મુદ્દો અગત્યનો જણાઈ આવે ત્યારે નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો Manindra Land and Building Corporation Ltd. Vs. Bhutnath Banerjee and Others, AIR 1964 SC 1336 : (1964) 3 SCR 495 , it was held that the Court has no choice in the matter and the Court is bound to dismiss the suit which is barred by limitation. The burden of proof in the matter of limitation lies upon the plaintiff. It is only when the prima facie plaintiff

shows that his case is within limitation, the onus may shift upon the defendants to prove otherwise.

(૧૮) આમ ઉપરોક્ત ચુકાદો ધ્યાને લેતા અદાલતની ફરજ થઈ જાય છે કે, લીમીટેશનના મુદ્દાની ચર્ચા કરવામા આવે. તબક્કે લીમીટેશન એકટમા અલગ અલગ પ્રકારના લીમીટેશન જણાવેલ છે, જે નીચે મુજબ છે.

23 For money payable to the Three years plaintiff for money paid for the defendant.

24 Lor money payable by the Three years defendant to the plaintiff for money received by the defendant, for (he plaintiff's use.

When the money is paid.

When the money is received.

Articles 27 and 54 of the Limitation Act also became relevant for consideration.

Article Description of suit

Period of Time from which period

Limitation begins to run

27 For compensation of breach of Three years a promise to do anything at a specified time, or upon the happening of a specified contingency.

54 For specific performance of a Three years contract

When the time specified arrives or the contingency happens.

The date fixed for the performance, or, if no such date is fixed, when the plaintiff has notice that performance is refused.

ઉપરોક્ત તમામ લીમીટેશનના પ્રોવિઝનમાંથી કોઈ પણ પ્રોવિઝન લેવામા આવે તો પણ લીમીટેશન ૩ વર્ષ જણાવેલ છે. હાલના દાવામા પક્ષકારોના પ્લીડીંગ મુજબ તેઓએ કરેલ કરારના ભંગ થયેથી રકમ વસુલ કરવા સબંધેના લીમીટેશનની શરૂઆત થાય.

(૧૯) જે સબંધે નામદાર કર્ણાટક હાઈકોર્ટનો ચુકાદો (2021) 2 AIRKarR 267 DIVISION BENCH (Before : B. Veerappa and K. Natarajan, JJ.)THE EXECUTIVE ENGINEER Vs. GOVINDA REDDY Regular First Appeal No. 1247 of 2013 Decided on : 13-11-2020 ધ્યાને લેતા તેમા ઠરાવેલ છે કે, Even assuming that the suit filed from the date of cause of action is

within the time of limitation, the fact remains that Rule 55 of the Limitation Act, 1963 provides only three years to file a suit for recovery of money from the date of action. In the present case, the loss was suffered in the year 1999 and the defendant retired in 2001. The suit was filed in 2007. There is an inordinate delay in filing the suit and as on the date, the suit is hopelessly barred by limitation as rightly held by the learned Civil Judge.

જેથી ઉપરોકત ચુકાદાની હકીકતો ઘ્યાને લેવામા આવે તો આ દાવાના કામે જે મુદૃાઓ કાઢવામા આવેલ છે, તેની વિશેષ ચર્ચા ન કરવામા આવે તો પણ દાવાને લીમીટેશનનો બાધ નડતો હોઈ રદ થવાપાત્ર હોવાનુ ઠરાવવા પુરતા અને વાજબી કારણો જણાય છે. તેમ છતા આ દાવામા કાઢવામા આવેલ મુદૃાઓની વિસ્તારથી ચર્ચા કરવી આવશ્યક જણાય છે.

(૨૦) જે સબંધે મુદ્દા નં.૧ મુજબ જોવામા આવે તો કંપની ઘ્વારા સ્ટેટને અવારનવાર તેઓને પડતી મુશ્કેલી તકલીફ સબંધે પત્ર વ્યવહાર કરવામા આવેલાનુ રેકર્ડ પર છે. જે સબંધે સ્ટેટના જવાબદાર અધિકારીની ઉલટતપાસમા પુછતા તેઓએ પણ સ્વીકારેલ છે કે, "કંપની ઘ્વારા સમયમર્યાદા વધારવા માટે મુખ્ય કારણો વર્ક ઓર્ડર મોડેથી આપવામા આવેલ તેમજ જમીન સંપાદનની સમસ્યા તથા સીમેન્ટની અછત તથા લેબરની અછત વિગેરે હતા. વધુમા આ અધિકારીએ ઉલટતપાસમા સ્વીકારેલ છે કે, કંપની તેની સમયમર્યાદાની અરજીમા જે કારણ દર્શાવેલ તે સાચા અને યોગ્ય હતા. તે કારણોને આધારે આંક–૧૩૧ ના રીપોર્ટમા મે સમયમર્યાદા વધારી આપવા ભલામણ કરેલ. એ વાત ખરી છે કે કંપનીએ દર્શાવેલ કારણો રીજેકટ કરેલ નથી. એ વાત ખરી છે કે ટેન્ડર બહાર પાડતા પહેલા જમીન સંપાદન થયેલ હોવુ જોઈએ, જે ૫૧ ટકા જેટલુ થયેલ હોવુ જોઈએ. ડીપાર્ટમેન્ટ તરફથી જમીન સંપાદન પુર્ણ કરી દીધેલ હોય તે સબંધે કોઈ આધાર રજુ કરેલ નથી. મને ટેન્ડર એ બતાવતા જે જોઈને જણાવુ છુ કે તેમા દર્શાવેલ મટીરીયલ ડીપાર્ટમેન્ટે સપ્લાય કરવાનુ હોય છે. એ વાત ખરી છે કે કોઈ વાર ડીપાર્ટમેન્ટને પણ મટીરીયલ તથા સીમેન્ટની અછત થતી હોય છે. સીમેન્ટની અછત સબંધે કંપનીએ સ્ટેટને પત્ર લખેલા. એ વાત ખરી છે કે અમારી પાસે જથ્થો ન હોવાથી કોન્ટ્રાકટરના કંપનીના માણસોને માંગ્યા મુજબનો જથ્થો સીમેન્ટનો આપી શકેલ નહી. તા.૧૪–૪–૮૬ ના પત્રથી તથા તા.૨૮–૪–૮૬ ના પત્રથી તથા તા.૧૮–૧૦–૮૬ તથા તા.૧૫–૧૨–૮૬ ના પત્રથી કંપનીએ સ્ટેટને જમીનનો કબજો મળેલ નથી તે હકીકતનો પત્ર લખેલ. તા.૧–૧૨–૮૬ ના પત્રથી કંપનીએ સ્ટેટને પત્ર લખેલ જેમા ઉલ્લેખ કરેલ છે કે આગળના કોન્ટ્રાકટરે કામ કરેલ તેમા માટીનો ઢગલો ૧ થી ૪ મીટરની ઉંચાઈ સુધીનો કરેલ હતો. આગળના કોન્ટ્રાકટરે કરેલ ઢગલો સાફ કરવાની આ કંપનીની જવાબદારી ન

હતી. કંપની તરફથી માલસામાન સપ્લાય થયેલ ન હોવાના ઘણા પત્રો લખવામા આવેલ. વધુમા સાહેદે સ્વીકારેલ છે કે, કંપની ધ્વારા માલસામાનની માંગણી સબંધે તથા અછત સબંધે તથા જમીનના કબજા સબંધે પત્ર લખેલ. તેમજ કંપની તરફથી પાર્ટ રેટ પેમેન્ટ સબંધે પણ પત્ર લખેલ હોવાનુ તેમજ તેવુ પાર્ટ રેટ પેમેન્ટ સ્ટેટ તરફથી કરવામા આવેલ ન હોવાનુ પણ સાહેદે સ્વીકારેલ છે.તા.૧૦–૭–૮૭ ના પત્રથી કંપનીએ ખેડુતો કામગીરીમા અડચણ કરતા હોવાનો પત્ર લખેલ. તા.૨૦–૧૦–૮૭ ના પત્રથી કંપનીએ કરેલ કામગીરીનુ ચુકવણુ થયેલ ન હોવાનો પત્ર લખી ફરીયાદ કરેલ છે. તા.૨૯–૨–૮૮ ના પત્રથી કંપનીએ લખેલ છે કે જમીન સંપાદન થયેલ ન હોઈ ખાનગી માણસો કામ કરવા દેતા નથી. ડિસે. ૮૮ સુધી જમીન સંપાદનની કામગીરી થયેલ ન હતી. આંક–૧૩૧ ના સ્ટેટમેન્ટ મુજબની જગ્યાએ જમીન સંપાદનની કામગીરી પુર્ણ થયેલ ન હતી. એ વાત ખરી છે કે સરકારે સંપુર્ણ જમીન સંપાદન કરેલ નથી તે રેકર્ડના કાગળોથી ફલિત થાય છે.

આ બંને દાવાના કામે કોઈ પણ પક્ષકાર તરફથી અદાલત સમક્ષ ચોકકસ પ્રકારે તેઓને કઈ કામગીરીના કારણે કેટલુ નુકશાન થયેલ છે, ચોકકસ કઈ કામગીરીના કરાર સબંધે ભંગ થયેલ છે, તેમજ તેવી કામગીરી અન્ય કઈ એજન્સી મારફતે કેટલી રકમ આપીને કરાવવામા આવેલ છે, તે સબંધે કોઈ જ પુરાવો રેકર્ડ પર કોઈ પણ પક્ષે રજુ કરેલ નથી, કે કોઈ એકાઉન્ટ બુકસ, કે પરચેસ ઓર્ડર, કે અન્ય એજન્સીના નામ, કવોટેશન, ઈન્વોઈસ, બીલ, લેઝર જેવી નાણાકીય બાબતોનો પુરાવો રેકર્ડ પર રજુ કરેલ નથી. જેથી માત્ર પુરાવાના સોગંદનામામા અમુક હકીકતો જણાવી દેવા માત્રથી અદાલત પાસેથી સામા પક્ષ વિરૂઘ્ધ નાણાકીય હુકમનામુ મેળવી શકવાની અપેક્ષા રાખી શકાય નહી. જે પક્ષકારને અદાલત પાસેથી જે કોઈ દાદ મેળવવાની હોય તે સબંધે પુરાવા અધિનિયમની જોગવાઈઓ મુજબ પુરાવો રજુ કર્યા બાદ જ તેવી દાદ અદાલત આપી શકે. જે હકીકતો સબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ આ જ પ્રકારનો કીસ્સો આવેલ, જેમા પણ વાદી કંપનીએ કોન્ટ્રાકટ ધીમી કામગીરીના કારણે રદ કરેલ, જે ચુકાદો **2014 (1) GLR 292 Hon'ble Judges:R.D.Kothari, J. Jayendra Construction Versus Rajkot Jilla Panchayat** ના કામે ઠરાવેલ છે કે, **Contract Act, 1872 - S. 74 - breach of contract - claim for specific damages - as work was slow, plaintiff terminated contract and got the work done by other agency - suit claiming damages for difference in cost by the two agencies - Trial Court decreed the suit - <u>contended that plaintiff had not proved actual loss suffered by him - held, in cases where loss in terms of money can be determined, it must be proved and provisions of S. 74 of the Act would not attract - suit dismissed -</u>**

decree set aside - appeal allowed.

વધુમા આ પ્રકારના દાવામા વાદીની શુ ફરજ હોય તે સબંધે ચર્ચા કરતા ઠરાવેલ છે કે, **How to appreciate that plaintiff has successfully established its case or not. Unless it is a case of liquidated damages and the amount that the aggrieved party would be entitled to is quantified in the contract itself, in general and broadly, it can be said that in order to succeed in cases like the case on hand, the party has to establish its case on three points <u>(i) there is a breach of contract by the defendant and termination of contract with the defendant in accordance with the terms of contract (ii) that the plaintiff has taken all necessary steps to mitigate the damages and (iii) expenditure/damages that plaintiff had said to have incurred for carrying out the incomplete work left by the defendant.]</u>**

જે ચુકાદામા નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો એ.આઈ.આર. ૧૯૭૦ સુ.કો. ૧૯૫૫ નો ટાંકી ચોકકસ કયો પુરાવો આવા કેસોમા પક્ષકારોએ રજુ કરવો જોઈએ તે સબંધે ચર્ચા કરતા ઠરાવેલ કે, **As laid down in Maula Bux s case (supra), where the loss in terms of money can be determined, the party claiming compensation must prove the loss suffered by him. The plaintiff comes forward with the case demanding specific sum from the defendant. It is the say of the plaintiff that Rs.6,41,291.39 ps. is the additional expenditure that plaintiff has to incur for completing the incomplete work left by the defendant. The plaintiff had alleged to have completed the work through another contractor i.e. Samip Construction Company. There is virtually no evidence as to what amount the plaintiff had paid to Samip Construction Company. The plaintiff has produced Exh.78 which is a copy of 11th running account bill said to have been submitted by Samip Construction Co. It is for Rs.17,164.05 ps. The only other document is at Exh.79 - copy of the 1st running bill. Barring these two - these two too, are non payment receipt/vouchers - there is no evidence of payment made to the Samip Construction Company. <u>Further, barring vague</u>**

assertion about incomplete work there is nothing on record showing what was incomplete work. The contract originally entrusted to the defendant was for construction of Road, Nala etc. for about 8 villages. It is the say of the plaintiff that notice was given to the defendant to remain present for carrying out measurement work. However, the defendant has remained absent. The defendant denies this assertion. Assuming that the say of the plaintiff is true, what measurement was carried out and what actual work carried out by the defendant and what was the incomplete work, ought to have been clarified by the plaintiff. Neither in pleading nor in evidence, the plaintiff says what was incomplete work.

વધુમા આ પ્રકારના દાવામા ક્યા પુરાવાની અપેક્ષા અદાલત રાખે તે સબંધે ચર્ચા કરતા ઠરાવેલ કે, It hardly needs to be stated that if the suit is considered to be the suit based on account, the plaintiff has a worse case in view of Sec. 34 of the Evidence Act. In order to succeed in suit based on account, beside proving the entry made in the account which is produced before the Court, these entries need to be corroborated by independent evidence on record. Neither there is account on record nor there is sincere effort to support such specific due by any independent and acceptable evidence. Nature of account on record is such that it could not stand to scrutiny even for a moment when same is considered with reference to law laid down by the Supreme Court in this regard (See : Mahasay Ganeshprasad Roy s case (AIR 1953 SC 431, Chandradhar Goswami s case (AIR 1967 SC 1058, Para.6) and Ishwardas Jain s case (AIR 2000 SC 426).

It would not be incorrect to say that from the material on record only fact possible to believe is, defendant has committed breach of contract. Neither termination of contract is clear and specific nor there is any evidence that plaintiff has made any attempt to mitigate the loss. The circumstances of the case in fact in respect of mitigation of loss are to the contrary. Taking liberal view on these aspects, viz., termination of contract and absence of

attempt on the part of plaintiff to mitigate the loss , cannot save the case as the case must fail on the ground that the damages as claimed by the plaintiff is not established.

(૨૨) આમ ઉપરોકત ચુકાદો સંપુર્ણ રીતે આ દાવાની હકીકતોને લાગુ પડે છે. આ બંને દાવામા માત્ર પુરાવાના સોગંદનામા તથા પક્ષકારો વચ્ચે થયેલ કરારો તથા પત્ર વ્યવહારની નકલો રજુ થયેલ છે, પરંતુ ઉપર ચર્ચા કરેલ છે તે મુજબ ચોકકસ નુકશાની થયેલ હોય તે સબંધે કોઈ જ પુરાવો મૌખિક કે દસ્તાવેજી સ્વરૂપનો રજુ થયેલ ન હોઈ આ બંને દાવાઓ સબંધે લીમીટેશનનો બાધ નડતો ન હોવાનુ માનવામા આવે તો પણ નુકશાન તથા વળતર આપવા સબંધેના જે તત્વો રેકર્ડ પર લાવવા પડે, તેવા કોઈ જ તત્વો કોઈ પણ પક્ષ તરફથી રેકર્ડ પર લાવવામા આવેલ જ ન હોઈ સમગ્ર હકીકતે દાવો મંજુર કરી શકાય તેમ નથી.

આમ સમગ્ર હકીકતે સ્ટેટના જવાબદાર અધિકારીની ઉલટતપાસ જોવામા આવે તો તેનાથી કંપની તરફથી કોઈ સર્વિસમા ખામી થયેલ હોવાનુ સ્પષ્ટ રીતે ઠરાવી શકાય તેમ નથી. કરારની શરતો અનુસાર જોવામા આવે તો કંપનીને કામગીરી કરી શકે તે માટે અમુક નિયમો તથા જોગવાઈઓ મુજબની કામગીરી સ્ટેટ તરફથી પણ કરવાની જવાબદારી હોવા છતા સ્ટેટ તરફથી થયેલ ન હોવાનુ રેકર્ડ પરથી જણાતુ હોઈ માત્ર કંપનીને જવાબદાર ઠરાવી શકાય તેમ નથી. જેથી (દાવા નં.૧૨૯/૯૨) ના મુદ્દા નં.૧ નો જવાબ નકારમા આપવામા આવે છે.

(૨૩) તેમજ મુદ્દા નં.૧ ની હકીકતે જયારે માત્ર કંપનીની જવાબદારી ફીકસ કરીને કંપનીને જવાબદાર ગણી શકાય તેમ નથી, તે હકીકતે જોતા તેમજ કંપનીને કરાર ટર્મીનેટ કર્યાની જાણ થયેલ છે કે કેમ તે સબંધે સ્ટેટના અધિકારીએ ઉલટતપાસમા જણાવેલ છે કે, તેઓને આ હકીકત સબંધે ખબર નથી, તે હકીકત જોતા તેવી જાણ કરેલ છે કે કેમ? તે સ્પષ્ટ રીતે રેકર્ડ પરથી જણાઈ આવતુ ન હોઈ તેમજ ખુબ જ બલ્કી રેકર્ડ હોઈ ખુબ જ જુનુ રેકર્ડ હોઈ આ ચુકાદો લખતા સમયે પણ અમારા ઘ્યાન પર તેવી હકીકત આવેલ ન હોઈ મુદ્દા નં.૨ નો જવાબ પણ નકારમા આપવામા આવે છે.

આમ ઉપર ચર્ચા કરી તે મુજબ મુદ્દા નં.૧ તથા ૨ નો જવાબ નકારમા આપવામા આવે છે. તેમજ આ અદાલતને હકુમત હોવા સબંધે અગાઉ હુકમો થયેલ છે, તે હુકમો ચેલેન્જ થયેલ ન હોઈ તેમજ આ અદાલતને હકુમત ન હોવાનુ કોઈ પણ પક્ષ તરફથી અદાલત સમક્ષ હકીકતો રજુ કરેલ ન હોઈ આ અદાલતને હકુમત હોવાનુ સ્પષ્ટ થતુ હોઈ કંપની તે હકીકત પુરવાર કરવામા સફળ રહેલ ન હોઈ તેનો જવાબ પણ નકારમા આપવામા આવે છે.

તેમજ સમગ્ર હકીકતે ઉપર ચર્ચા કરી છે તે મુજબ લેણી રકમના દાવામા કોઝ ઓફ એકશન ઉભુ થયા તારીખથી ૩ વર્ષ સુધીમા દાવો કરવાની સમયમર્યાદા ધ્યાને લેતા તેવા સમયમર્યાદામા દાવો કંપની તથા સ્ટેટ તરફથી કરવામા આવેલ ન હોઈ દાવાને લીમીટેશનનો બાધ નડતો હોઈ દાવા નં.૧૨૯/૯૨ ના મુદ્દા નં.૩ તથા ૪ નો જવાબ નકારમા આપવામા આવે છે. તે જ રીતે દાવા નં. ૧૬૬/૨૦૦૦ ના દાવાના તમામ મુદ્દાઓનો જવાબ પણ નકારમા આપવામા આવે છે. આમ સમગ્ર હકીકતે બંને દાવાને લીમીટેશનનો બાધ નડતો હોઈ નીચે મુજબ હુકમ કરવામા આવે છે.

<u>—:આ ખ રી   હુ ક મ—:</u>

દાવા નં.૧૨૯/૧૯૯૨ (નવા નં.૧/૧૫) સમયમર્યાદા બહારના હોવાનુ ઠરાવી રદ કરવામા આવે છે.

તે જ રીતે કાઉન્ટર કલેઈમ દાવા નં.૧૬૬/૨૦૦૦ (નવા નં.૧૦/૧૫) પણ સમયમર્યાદા બહારના હોવાનુ ઠરાવી રદ કરવામા આવે છે.

બંને પક્ષકારે સામસામા દાવા કરેલ હોઈ ખર્ચ દરેક પક્ષકારે પોતાનુ ભોગવવાનુ રહેશે.

હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

આજરોજ તારીખ ૨૯ મી સપ્ટેમ્બર સને ૨૨ નારોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

		(ભાવેશ જે. પટેલ)
		એડીશ્નલ સિનિયર સિવિલ જજ,
તા. ૨૯ –૯– ૨૨.		વાપી. જી. વલસાડ.
		જી.જે. ૦૦૯૭૭